ગાંધીનગર સમાચાર
તા. ૩-૯-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

સત્તાની નવી ધરી તરીકે ઊપસતી ભારત-જાપાન મૈત્રી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાપાનયાત્રા એશિયાના રાજકારણમાં નવાં સમીકરણો સર્જી શકે છે. જાપાનના વડાપ્રધાન શિંજો એબે દ્વારા ભારતીય વડાપ્રધાનને અપાયેલ સન્માન ઊડીને આંખે વળગે એ બરનું છે. બધા જ પ્રોટોકોલ બાજુએ મુકી જાપાનના વડાપ્રધાન કયોટોથી ટોકિયો સુધી નરેન્દ્ર મોદીની તહેનાતમાં રહ્યા, તે ઘટના ઘણી સૂચક છે. આજપર્યંત કોઇ પણ ભારતીય વડાપ્રધાનને ઊગતા સૂરજની ભૂમિ ગણાતા આ ઉદ્યમશીલ રાષ્ટ્રે આવું હૂંફાળું સન્માન આપ્યું નથી. મોદી પણ એમની તમામ ઊર્જાનો વિસ્ફોટ કરતાં વરતાયાં. જાણે આ કોઇ સરકારની મુલાકાત ન હોય પણ બે મિત્રો વચ્ચેની, બે પ્રજાઓ વચ્ચેની, બે સંસ્કૃતિઓ વચ્ચેની ઘણાં વર્ષોના વિયોગ પછી યોજાયેલી મૈત્રીપૂર્ણ વાટાઘાટો હોય, સાથે મળી પરસ્પરનાં સુખદુઃખ વહેંચી લેવાનો તકાદો હોય - એ પ્રકારની ઐતિહાસિક ઘટના લેખે મોદીની જાપાનયાત્રા લાંબા સમય લગી યાદ રહેશે. અહીં બે મહાન સંસ્કૃતિઓના સદીઓ જૂના સંબંધોને તાજા કરવાની વાતો થઇ, બે પ્રગતિશીલ રાષ્ટ્રો વચ્ચેના ધંધા રોજગારને વિકસાવી આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક મહાસત્તાઓ તરીકે પ્રસ્થાપિત થવાનાં સપનાં સાકાર કરવાની દિશામાં નક્કર કાર્યવાહી શરૂ કરાઇ તો વળી ભારતમાં જાપાનીઝ ઢબે વારાણસીને કયોટો પેટર્ન પર સ્માર્ટ કલ્ચરલ સિટી સ્વરૂપે વિકસાવવાના અને અમદાવાદ-મુંબઇ વચ્ચે બુલેન ટ્રેન દોડાવવાના સ્વર્ણિમ સ્વપ્નને સાકાર કરવામાં જાપાને જઇને બૌદ્ધ મંદિરોમાં શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યાં, ત્યાંથી પરંપરાગત પદ્ધતિથી શુકનિયાળ માછલીઓને આહાર આપ્યો અને ઘૂંટણિયે પડીને ચા પીધી એટલું જ નહીં, એમણે જાપાનીઝ બાળકો સમક્ષ કૃષ્ણની કથા રજૂ કરી વિદ્યાર્થીઓની વચ્ચે જઇ વાંસળી પણ વગાડી, જાહેર કાર્યક્રમમાં ડ્રમ (ઢોલ) પણ વગાડ્યો અને ઘંટડી પણ રણકાવી. હિંદીમાં જ વાતચીત કરતા અને ભાષણ આપતા ભારતીય વડાપ્રધાન સાથે જાપાનીઝમાં વાતચીત કરતા જાપાનના વડાપ્રધાને ભાષાના મુદ્દે દેશ પણ અસુવિધા ન અનુભવી. દુભાષિયા એટલા જ ઉત્સાહપૂર્વક મોંઘેરા મહેમાનને જે કંઇ કહેવું હતું તેનો તત્કાળ અનુવાદ કરતા રહ્યા. એશિયાની બે મહાન સંસ્કૃતિઓ વચ્ચેનો આ ભવ્ય મિલન સમારંભ પૂરા પાંચ દિવસ ચાલતો પણ રહ્યો. શાળાથી લઇ યુનિવર્સિટીઓ અને ઔદ્યોગિક પ્રતિષ્ઠાનો પર્યંત બધા જ કાર્યક્રમો અત્યંત ભાવસભર અને સાર્થક રહ્યા. પરંતુ આ મુલાકાતની સૌથી મોટી ફળશ્રુતિ અને સાર્થક રહ્યા. પરંતુ આ મુલાકાતની સૌથી મોટી ફળશ્રુતિ તે મોદીએ વિસ્તારવાદ સામે ઉચ્ચારેલી ગર્ભિત ચેતવણી. જાપાન અને ભારત-બેઉ પાડોશી ચીનના આ વિસ્તારવાદી વલણથી નારાજ છે. ચીને જાપાનના કેટલાક ટાપુઓ કબજે કરવાની બદદાનત દાખવી છે, એમ લદ્દાખ અને અરૂણાચલ પ્રદેશ પર એ હંમેશા ખોરી નજર રાખતું રહ્યું છે. એણે ૧૯૬૨ના યુદ્ધમાં કબજે કરેલો હજારો ચોરસ કિ.મી. પ્રદેશ ખાલી કર્યો નથી. કયારેક તિબેટ ભારત અને ચીન વચ્ચેના 'બફર સ્ટેટ' જેવું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતો દેશ હતો. ચીની ડ્રેગને કોઇને ખબર પણ ન પડે એમ રાતોરાત એનો કોળિયો કરી લીધો હતો અને ત્યાંના નેતા દલાઇલામાને જીવ બચાવી ભારત ખાતે ધર્મશાલામાં આશ્રય લેવો પડ્યો હતો. નરેન્દ્ર મોદીએ ચીનના આ વિસ્તારવાદી અભિગમની આકરી ટીકા કરી અને તે પણ જાપાન જઇને. એમણે વિકાસવાદની તરફેણ કરી, જેમાં ભારત અને જાપાન સાથે મળી એશિયાને એક અણધારી ઊંચાઇ અર્પી શકશે, એવી શ્રદ્ધાનો રણકો હતો. ચીનને ભારતીય વડાપ્રધાનના આવા અણધાર્યા 'હુમલા'ની અપેક્ષા તો શું, ગંધ પણ ભાગ્યે જ આવી હશે. ઊલટાના ચીની નેતાઓ તો મોદીને અનુકૂળ વ્યાપારી સંબંધ ધરાવતા તત્પર નેતા માનતા રહ્યા છે. મોદી વિચક્ષણ રાજનેતા છે અને કયારે કેવું વલણ અપનાવવું તે બરાબર જાણે છે. છેક આગલી સાંજ સુધી પંચશીલ કરારની આલબેલ પોકારતા રહેતા અને 'હિંદી-ચીની ભાઇ-ભાઇ'ના નારા ગજવતા રહેલા ડ્રેગને ભારતને પીછ પાછળ ઘા મારી દીધો હતો, જેની કળ આજ સુધી વળી નથી. ચીન પાકિસ્તાનને પાંખમાં લઇ ભારતની સરહદો પર મજબૂત લશ્કરી થાણાં નાખતું રહ્યું છે. જયારે પણ પાકિસ્તાન સામે ભારત લાલ આંખ કરી છે ત્યારે ચીન ખુલ્લખુલ્લાં લુચ્ચા શિયાળની જેમ પાકિસ્તાનની પડખે રહ્યું છે. મોદી આ ઇતિહાસ બરાબર જાણતા હોઇ એમને જાપાનની દુખતી રગ દબાવી એશિયા ખંડમાં સત્તાના સંતુલનની નવી ફોર્મ્યુલા ઘડી કાઢવાની પહેલ કરી છે. જાપાન યુનોની સુરક્ષા સમિતિ-સિક્યુરીટી કાઉન્સિલમાં ભારરતને કાયમી સભ્યપદ મળે એની તરફેણ કરે તે જરૂરી છે. જાપાન સાથે અમેરિકાના મધુર સંબંધો રહ્યા છે. વળી જાપાન સાથે અણુશક્તિ કરાર થઇ શકે તો ભારત આપોઆપ એશિયામાં ચીનને ટક્કર આપતી મહાસત્તા બની શકે એમ છે, એથી એ દિશામાં અને શિક્ષણ તથા વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે પરસ્પરની સમજૂતીથી બેઉ દેશો એકમેકના પૂરક બની વૈશ્વિક સ્તરના રાજકીય ક્ષેત્રે નવાં સમીકરણ રચી શકે એમ છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં 'ઓડિયો વિઝ્યુઅલ સાધનો' ઉપર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન એસ.વાય. પોસ્ટ બેઝિક બી.એસ.સી. નર્સિંગ તથા એસ.વાય. બી.એસ.સી. નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યું હતું. કઠપુતળીના ખેલથી લઈને અત્યારના ટેકનોલોજીના સાધનો આ પ્રદર્શનમાં દર્શાવવામાં આવ્યા હતા. આ પ્રદર્શનનું માર્ગદર્શન પ્રો. હિમાલી પ્રજાપતિ, પ્રો. પ્રેક્ષા પટેલ અને પ્રો. દિપલ પટેલ દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર પ્રદર્શન કોલેજના વિદ્યાર્થીઓએ નિહાળ્યું હતું.

ચૌધરી કોલેજમાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૨

સેકટર-૭ સ્થિત શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી મંડળની મિટીંગ યોજવામાં આવી હતી. બેઠકમાં વર્ષ દરમિયાન યોજાયેલ કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી તેમજ ચાલુ વર્ષની વિદ્યાર્થીનીઓને મદદરૂપ થઈ શકે તેવા કાર્યક્રમ યોજવા માટેની ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓના વાલીઓએ કોલેજની કામગીરીને જાણી હતી. આગામી તા. ૧૦ના રોજ એએએ કેસીજીની ટીમ કોલેજની મુલાકાતે આવનાર છે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. કોલજના આચાર્ય ડૉ. ઉર્મિલા ચૌધરી, પ્રો. હેમાંગીની વાઘેલા, પ્રો. ડૉ. મીનાબેન વ્યાસ, પ્રો. લીનાબેન સ્વાદિયા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં.

શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨

શ્રીમતી આર.જી. પટેલ કન્યા, માધ્યમિક શાળા અને એસ.વી. પટેલ, ઉચ્ચત્તર માધ્યમિક શાળા દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ સાયન્સ સિટી અને વિન્ટેઝ કાર મ્યુઝિયમ ખાતે યોજવામાં આવ્યો હતો. પ્રવાસમાં શાળાની ૨૮૦થી વધુ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. પ્રવાસનો ઉત્સાહપૂર્વક આનંદ માણ્યો હતો.

હરિની દૃષ્ટિ...

ના ના, ઉસ્તાદજી, ગણેશજી ફરી દૂધ પીવા નથી લાગ્યા... આ તો વરસાદ આવ્યો એટલે પ્રેક્ષકો ભાગી ગયા છે...!!

પર્યુષણ અને સાહિત્ય સંદર્ભે ડૉ. કેશુભાઈ દેસાઈનાં વિવિધ વ્યાખ્યાનો યોજાઈ ગયા

ગાંધીનગર, તા. ૨

જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ છેલ્લા અઠવાડિયા દરમિયાન સાહિત્ય અને અધ્યાત્મ જેવા વિષયો પર વિવિધ સ્થળોએ મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં.

તા. ૨૪ ઓગસ્ટના દિવસે મંગલમ્ દિવસ અને નર્મદ જયંતી પ્રસંગે સિદ્ધપુર નજીક સેદ્રાણા ખાતે મંગલમ્ સંસ્થામાં ડૉ. કેશુભાઈ દેસાઈએ 'જીવન, પર્યાવરણ અને સાહિત્ય' વિષય પર હૃદયસ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૨૬ ઓગસ્ટના રોજ ડૉ. કેશુભાઈ દેસાઈએ અમદાવાદ ખાતે મહેંદી નવાઝજંગ હોલમાં ધર્મ જાગૃતિ કેન્દ્ર આયોજિત ૮૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ક્ષમા : સર્વોત્તમ ધર્મ' પર મંગલ પ્રવચન આપ્યું હતું તો વળી તા. ૨૮ ઓગસ્ટના રોજ મુંબઈમાં ચર્ચગેટ ખાતે પાટકર હોલમાં શ્રી જૈન યુવક સંઘની નિશ્રામાં 'શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો' વિશે મર્મસ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનો ઉપરાંત મરીન લાઈન્સ અને અંબરનાથ ખાતે યોજાયેલ સાહિત્યિક ગોષ્ઠીઓમાં ડૉ. કેશુભાઈ દેસાઈએ 'મારા સાહિત્યમાં માણસ' વિષય પર કેફિયત આપી હતી. હિંદી સાહિત્ય જગતના વાચકો સાથે પણ 'પરિદેશ્ય પ્રકાશન' દ્વારા ડૉ. કેશુભાઈ સાથે વાચકોનો મિલન સમારંભ યોજાયો હતો.

જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં આર. જી. પટેલ કન્યા શાળા છવાઈ ગઈ

ગાંધીનગર, તા. ૨

તાજેતરમાં જિલ્લા કક્ષાની અંડર-૧૯ બહેનોની ચેસ, મ્યુઝિકસ ચેર અને સ્વીમિંગ સ્પર્ધાશેઠ સી.એમ. હાઈસ્કુલ સે-૨૩ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શેઠ સી.એમ. શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રથમ નંબર મેળવ્યો હતો. હાલમાંજ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી ત્યારે અંડર-૧૯ બહેનોની જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધા અને મ્યુઝિકલ ચેર સ્પર્ધા સે-૨૩ શેઠ સી.એમ. હાઈસ્કુલ ખાતે યોજવામાં આવી હતી. ચેસ સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક શાળા અને એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી.

ચેસ સ્પર્ધામાં ધ્વનિ ભાવસાર, નિધિ પંડયા, શ્વેતા પટેલે પ્રથમ નંબર મેળવ્યો હતો તેમજ મ્યુઝિકલ ચેર સ્પર્ધામાં ધારા પ્રજાપતિ, રૂદ્રિકા પટેલ, શ્રધ્ધા ગઢવી, શ્રેયા પટેલ, મૃગેશા વાઘેલા, હેમાંગી પટેલ અને જાનવી ગોહિલ વિજેતા બની હતી.

સેકટર-૨૧ જીમખાના ખાતે યોજાયેલ સ્વિમીંગ સ્પર્ધામાં પ્રિતિ રાઠોડે પ્રથમ નંબર મેળવ્યો છે. આ તમામ વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાએ ભાગ લેશે. વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધારેલ છે. ઉર્વશીબેન જોષી, દિલહરબા જાડેજા, ગીતાબેન પટેલ આચાર્યા સુધાબેન પટેલે અભિનંદન પાઠવ્યા છે.

વોટસએપમાં હવે મોબાઈલ જેવી વોઈસ કોલીંગ સુવિધા આપવા તૈયારી

ભારત સહિત વિશ્વભરમાં લોકપ્રિય થયેલા મોબાઈલ મેસેજીંગ તથા વીડીયો એપ્લીકેશન વોટસએપમાં હવે ટુંક સમયમાં વોઈસ કોલીંગ સેવા પણ શરૂ થાય તેવી શકયતા છે. હાલ વોટસએપના વિશ્વભરમાં ૬૦ કરોડ લોકો ઉપયોગ કરે છે અને તે વધુ ને વધુ દેશોમાં અપનાવાઈ રહ્યું છે. તેથી વોટસએપ દ્વારા હવે વોઈસ કોલીંગ સુવિધા પણ આપવાની તૈયારી થઈ છે. જેનાથી મોબાઈલની દુનિયામાં એક નવી ક્રાંતિ આવે તેવી શકયતા છે. જો કે આ અંગે કંપની હાલ કાંઈ કહેવા તૈયાર નથી પણ વિશ્વભરમાં જે મોબાઈલ ટ્રાફિક છે તેના ૧૫ ટકા વોટ્સએપ દ્વારા થાય છે અને વોઈસ કોલીંગ આવે તે હાલની મોબાઈલની કંપનીઓને અસ્તિત્વ ટકાઉ અઘરૂ બની જશે. વોટ્સએપ ફ્રી માં ઉપલબ્ધ છે અને તેથી મોબાઈલ કંપનીઓએ હાલમાં ફરીયાદ કરીને તેના મેસેજીંગ સહિતના ટ્રાફિકની આવક પર મોટો ફટકો પડતો હોવાની ફરિયાદ કરી હતી પણ તે અંગે હજુ કોઈ આખરી નિર્ણય લેવાયો નથી.

સેક્ટર-૨૩ નાથીબા કોલેજ હોલમાં વર્તમાન સમસ્યાઓમાં 'ગીતાના શિક્ષણની ઉપયોગીતા' પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. પરિસંવાદમાં આઠ વક્તાઓએ મનનનીય પ્રવચન આપ્યુ હતું. તેમજ ૨૮ શોધપત્રોનું વાંચન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના જાણીતા કવિવર ડો. અંબાલાલ પ્રજાપતિ વિરચિત વિવેકાનંદ સાર્ધ શતાબ્દી કાવ્ય ગ્રંથનું ડો. રમાકાન્ત શુક્લના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. ડી.ટી. કાપડિયા, ડો. જે.જે. ભટ્ટ, ડો. યોગીનીબેન વ્યાસ, ડો. સોમભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનકુંભ - દર્શન માર્ગ વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં કયો દેશ ૧૦ વર્ષની ઉંમરથી બાળ મજૂરી કાયદાને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો ?
➜ **બોલિવિયા**

૨. ૨૦૧૪માં કયા દેશે ગાઝા પટ્ટીમાં શાંતિ માટે મધ્યસ્થા કરી હતી ?
➜ **મિશ્ર**

૩. ૨૦૧૪ લૌરેસ વિશ્વ ખેલ અકાદમીમાં કયા પૂર્વ ભારતીય ખેલાડીની પસંદગી કરવામાં આવી છે ?
➜ **રાહુલ દ્રવિડ**

૪. ૭મું બ્રિક્સ સંમેલન કયા શહેરમાં યોજાશે ?
➜ **ઉફા (રશિયા)**

૫. ૨૦૧૪માં ફિલિપીન્સમાં કયા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી ?
➜ **ટાયફૂન રામ્મસૂન**

૬. ૨૦૧૪ બ્રિક્સ દેશોએ કેટલા નાણાંની વિકાસ બેંક સ્થાપવાનું નક્કી કર્યું છે ?
➜ **૧૦૦ બિલિયન ડોલર**

૭. ૨૦૧૪ બ્રિક્સ બેંકની સ્થાપના કયા દેશમાં કરવામાં આવશે ?
➜ **શાંઘાઇ, ચીન**

૮. ૨૦૧૪માં મારિયા શારાપોવાએ પોતાની કરિયરનો કેટલો W.T.A. ટૂર ખિતાબ જીત્યો હતો ?
➜ **૩૦**

૯. ૨૦૧૪માં પાકિસ્તાનની ક્રિકેટ ટીમનાં મુખ્ય કોચ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
➜ **મોહંમદ અકમ**

૧૦. ૨૦૧૪માં ૧૧મી રાષ્ટ્રીય યુવા એક્ટિક ચેમ્પિયનશીપમાં ૧૧૦ મીટર વિઘ્ન દોડ ૧૪.૨ સેંકડમાં પુરી કરી યુવા વર્ગમાં કોણે નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપ્યો હતો ?
➜ **મેમન પાઉલોજ**

૧૧. વર્ષ ૨૦૧૪માં આયોજિત ૧૩મી એશિયાઇ મહાદ્વિપીય શતરંજ ચેમ્પિયનશીપમાં કયા શતરંજ ખેલાડીએ રજતચંદ્રક જીત્યો હતો ?
➜ **બસકરન અધિબન**

૧૨. ૨૦૧૪માં ભારતની કઇ મહિલા ખેલાડીએ વિશ્વ મહિલા સિનિયર સ્નૂકર ચેમ્પિયનશીપ જીતી હતી ?
➜ **ચિત્રા માર્ગીમેરાજ**

૧૩. ૨૦૧૪માં કયા ભારતીય ગોલ્ફરે ઇન્ડોનેશિયા માસ્ટર્સ ગોલ્ફ ટૂર્નામેન્ટ જીતી હતી ?
➜ **અનિબોર્ન લાહીડી**

૧૪. ૨૦૧૪માં યુનિવર્સિટી ઓફ ફ્લોરિડાનો સર્વોચ્ચ સન્માન અલુમનસ એવોર્ડ કોને આપવામાં આવ્યો હતો ?
➜ **અનિલ રાજવંશી**

૧૫. ૨૦૧૪માં સ્પેનમાં ભારતીય રાજદૂત તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
➜ **વિક્રમ મિસ્ત્રી**

૧૬. ૨૦૧૩માં કેન્યા દેશના કયા શહેરમાં આતંકી હુમલ થયો હતો ?
➜ **નૈરોબી**

૧૭. ૨૦૧૩માં કેન્યાના નૈરોબીના કયા સ્થળે હુમલો કર્યો હતો ?
➜ **વેસ્ટગેટ મોલમાં**

૧૮. ૨૦૧૩માં કેન્યાના નૈરોબીમાં કયા આતંકી સંગઠને હુમલો કર્યો હતો ?
➜ **અલ શબાબ**

૧૯. ૨૦૧૩માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) અને સંયુક્ત રાષ્ટ્ર બાલકોષ દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કયા માસમાં કરવામાં આવી હતી ?
➜ **ઓગસ્ટ માસ (૧ થી ૭ ઓગસ્ટ)**

૨૦. ૨૦૧૩માં ચીન હિમાલયના પોતાના કબજા હેઠળનાં વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે તિબ્બેટ નજીક વિશ્વનું સૌથી ઊંચું કયું હવાઇ મથક બાંધી રહ્યું છે ?
➜ **દેઓચેંગ યદીંગ નામક હવાઇ મથક (તિબ્બેટ)**

કશુંક રહી જવું, ભૂલી જવું કે ખુલ્લું રહી જવું એટલે શું?

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

જીવનની ગાડીનાં અનેક સ્ટેશન્સ છે. કેટલાક નાના તો કેટલાક મોટા. મોટા સ્ટેશનની મજા કદાચ મોટી હોય છે તેમ નાના સ્ટેશનની પણ મજા પણ લેવા જેવી હોય છે. નાના સ્ટેશન્સ એટલે ટચુકડી મજાનું ઝુમખું. જેટલી મજા તેટલી જીવનની ગાડી સરળતાથી દોડે અને થાકયા વગર દોડે.

કેળાની છાલ પર પડેલ પગ એ વ્યક્તિ માટે કરૂણ રસ છે, પણ આ ઘટના જોનાર માટે હાસ્ય રસ બની જાય છે. બીમારીમાં બકતો વ્યક્તિ બીજાને હાસ્ય રસની વાનગી પીરસતો હોય છે. જોકરના અવનવા કરતબો આપણને મજા કરાવી જાય પણ તેના જીવનની તે કરૂણતા બની શકે છે.

ચાલતાં - ચાલતાં ચપ્પલની પટ્ટી નીકળી જાય તે આપણી નાની પરીક્ષા ગણાય. એ નક્કી કે બિલકુલ અનુકૂળ ન હોય છતાં આપણે ઉઘાડા પગે, હાથમાં ચપ્પલ સાથે ચાલવા લાગશું. હાલતાં - હાલતાં ભૂલાઇ ગયો રસ્તો અને પહોંચી ગયા બીજે કયાંય... ધાર્યું હતું કે આ કામ તો કોઇ પણ સંજોગોમાં પુરૂં થઇ જશે પણ રહી ગયું... ખબર હતી કે આટલું પરિણામ તો આવશે જ પણ કંઇક અણધાર્યું પરિણામ આવ્યું... માનવ મનની ગહન દુનિયામાં ડોકિયું કરીએ તો ધ્યાનમાં આવે કે કેટલાયે કામ ધાર્યા કરતાં કંઇક જુદી રીતે અટકી પડે, તુટી પડે કે વચ્ચે જ રોકાઇ જાય. શું કારણ છે કે આ કામની અવળચંડાઇનું? એકવાર એક ભાઇ બાઇક પાછળ બેઠેલી પત્ની સાથે વાતો કરતાં - કરતાં જઇ રહ્યાં હતા. આગળ ઉભેલી જીપ પેલા ભાઇને ગતિશીલ લાગી! પછી થાય શું? વાતો અટકી ગઇ અને પટકાયાં બંને નીચે. હસવામાંથી નહિ વાતોમાંથી ખસવું થઇ ગયું.

સવારે ઉઠીને બાજુવાળા ભાઇને સમાચાર આપવાના હતા પણ સ્મરણમાંથી ગયું અને પછી મન ગ્લાનિ અનુભવે. નક્કી કરેલું કામ ભૂલાઇ જાય એ આપણી માનવીય મર્યાદા ભલે રહી પણ તે આપણને કયારેક ક્ષોભજનક સ્થિતિમાં મુકી દે છે. એક ભાઇને લેક્ચર આપતાં પેંટની ઝીપ ખુલ્લી રહી જતી. છેવટે તેમણે શર્ટને પેંટમાં ખોસવાનું જિંદગીભર માંડી વાળ્યું. કેટલાક સૂતા પહેલાં ચશ્મા ઠેકાણે મૂકવાનું ભૂલી જાય અને પછી નવા ચશ્મે દિવાળી!

કેટલીકવાર ઘરને તાળું માર્યા પછી યાદ આવે કે પૈસા તો ઘરે પર્સમાં રહી ગયા. પછી ભાઇ સાહેબ ખોટા-ખોટા ગુસ્સો બીજા ઉપર ઠાલવે. બહાર જવાના અતિ ઉત્સાહમાં જયાં જવાનું હોય તેનું સરનામું લેવાનું રહી જાય એટલે પછી બીજા બે-ચાર ફોન કરો એટલે ઘરનું સરનામું મળે. પછી જે ભાઇને ત્યાં પહોંચીએ તે તમારી હાલત પર હસી કાઢે. આ વાત માત્ર ઘર કે વ્યક્તિને લાગું પડે તેવું નથી પણ લગ્નમાં પણ આમંત્રણ આપવાનું રહી જાય. જમવાની એક વાનગી પીરસવાની રહી જાય કે વધૂનાં ઘરેણા જ લોકરમાં રહી જાય. અતિ ઉત્સાહમાં આવીને વ્યક્તિ કપડાં પહેરવાનું ભૂલી જાય તેવું બને ખરું? હા, ૧૯૮૫-૮૬ના દુકાળમાં પાણીના ટેંકરોથી પાણી પહોંચાડાતું. એક ભાઇ પાણીની બાલદી લઇને ટેંકરની પાછળ એવા ભાગ્યા કે કશું જ યાદ ન રહ્યું અને વગર વ્રતે દિગંબર બની બેઠાં! ગેલેરીમાંથી લોકો સંતુલન ગુમાવીને નીચે પડવાના દાખળા બહુ શોધવા પડે તેવા નથી. લાગે કે અચાનક તેમણે કોઇ જાદુઇ વ્યક્તિ કે વસ્તુને જોઇ લીધી હોય.

પાણી છલકાય અને માણસ ફસડાય એટલે કોઇક પડે. બાથરૂમમાં પડનારા આપોઆપ વીર નથી બની જતા! ખબર લેનાર ડાહી વાતો કરી આપણને બહેલાવે પણ મનમાં તો આપણી ઠેકડી ઉડાડતો હોય. વરસાદી પાણીના ખાબોચીયાંમાં ગાડી કે બાઇક ફસાય એ નવી વાત નથી. આપણે એમ માનીએ છીએ કે નીકળી જવાશે પણ ફસાવાનું લખ્યું હોય તો શું થાય?

જમીન પર બેઠા છીએ ને અચાનક ઊભા થવા જઇએ અને માથામાં વાગી બેસે ત્યારે કશું ખ્યાલમાં આવે તે પહેલાં તમ્મર આવી જાય. લાંબા હાથ કરીને બોલનારને હંમેશા બીજાની સામે દિલગીરી બતાવવી પડે છે. કારણ કે ભાઇનો હાથ આજુબાજુ અથડાઇ જવાનો અને કયાંકને કયાંક અડી જવાનો. જોકું આવી જવું બહુ સામાન્ય બાબત છે. પણ બસમાં બેઠા પછી થોડીક ક્ષણોમાં જ ઘોરવા લાગવું એ કેટલાકને માટે જન્મ સાથેનો અધિકાર હોય છે. જાણે કે બધા જ પોતાના લોકો છે. બાજુવાળો થોડો ગુસ્સો થાય અને કશુંક કહે એટલે પેલો માણસ બીજી બાજુ લાગ શોધી કાઢે.

જે વસ્તુ લેવા માટે બજારમાં જવાનું હોય તે વસ્તુ બિલકુલ ભૂલાઇ જાય અને કંઇક ભળતું જ લઇ આવીએ. ત્યારે કેવા હાલ થાય? જાણે મોઢું સંતાડવાનું નક્કી. ભરી મહેફિલમાં હાથમાંથી ભોજનની ડીશ કપડાં ખરાબ કરી નાખે ત્યારે તે લગ્ન આજીવન યાદગાર બની જાય છે. ઘરમાં કયારેક બરણી ખોલવાની આવે અને એકદમ જુસ્સાથી કહી દઇએ : 'લાવો, લાવો! હું ખોલી દઉં. એમાં શું કયારનાં મંડેલા છો?' પછી ભાઇ સાહેબ શરૂઆતમાં અદાથી બોટલ ખોલવાનો પ્રયત્ન કરે પછી પુરી તાકાત કામે લગાડી દે, છતાં પણ ન ભૂલે એટલે બધાં સામે જો બોલી જાય : 'અરે યાર! આ તો કંઇક અલગ જ પ્રકારની બરણી લાગે છે.' જાણે બરણી તેમની વાત સાંભળતી હોય.

હોટલમાં ગયા પછી મેનુકાર્ડને હાથમાં લેતાં જ ઘણાં લોકો ભડકી જાય છે. કારણ કે તેમને વાનગીઓ વિશેની પુરી ખબર નથી હોતી. અને પછી કહી નાખે : 'જે કાંઇ મંગાવવું હોય તે મંગાવો યાર! આપણે તો બધું જ ચાલશે.' જાણે બધા ઉપર ઉપકાર કરતો હોય. કેટલાકને જુદી જુદી ગ્રંથીઓ હોય છે. કેટલાક કપડાંનાં અમુક રંગને જ સ્વીકારે. બીજા રંગો ભલે શાંત હોય પણ ભડકે તે પોતે. રંગોની જેમ જમવામાં પણ અમુક ભોજનને ન સ્વીકારે.' મને તો માફક નથી આવતું' નવી જ વાનગી પણ ચાખ્યા વગર બાજુ પર મૂકી દે.

દૂધનું ઊભરાઇ જવું અને કામનું રહી જવું એ જાણે જીવનનો ભાગ બની ગયો છે. જેમ ગુણાકારમાં અને ભાગાકારમાં નાનકડી ભૂલ રહી ગઇ હોય તેમ. કેટલીક મહિલાઓ ખભા ઉભરના દુપટ્ટાને વારંવાર સરખો કરતાં જાય પણ એક જ બાજુથી આ ક્રિયા કરતા રહે. છેવટે આખો દુપટ્ટો પોતાનું સમગ્ર અસ્તિત્વ એક બાજુ ઢાળી દે પણ પેલા બહેન તો એ જ ક્રિયાને ચાલુ રાખે! નાના બાળકને હાથમાં લેતા તે પોતાનું પોત પ્રકાશે અને મામાને વગર વરસાદે ભીંજવી નાખે. પછી મમ્મી બોલે બાબાએ મામાને પવિત્ર કરી નાખ્યા! કપડાં સામે જોતાં વિલા મોઢે મામા બોલે : 'કંઇ વાંધો નહિ એ તો મારે કપડાં ધોવાનાં જ છે.'

એક છોકરાને તેના મિત્રએ કહ્યું : 'તને ખબર છે આંખોમાં પાણી એક જ શાકથી આવે.' એના મિત્રએ કહ્યું, 'ના, ના એવું ન હોય' એમ કહીને તેણે નારિયેળ છૂંટું તેના માથામાં માર્યું. આંખોમાં પાણી લાવવા 'સ્તો!' ચલતા હોઇએ 'ને અચાનક રસ્તામાં બેઠેલું કૂતરું ભસે ત્યારે જોવા જેવી થાય. દોડ્યા વિના ચાલે નહીં અને દોડવાની ટેવ નહી. પછી કૂતરું જ સમજી જાય કે આ બિચારાથી દોડાતું નથી તો હું પણ માંડી વાળું. આપણી નાની ખુશીઓ અને ભૂલો આપણને કશુંક આપીને કશુંક લઇ જાય છે.'